અપીલ અરજી નં.૪૦૫ તા.૧૭–૧૧ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી સુરજરામ ભગવાનદાસ સાલવાલા
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરજરામ ભગવાનદાસ સાલવાલાની તા. ૨૩–૯–૧૧ની અરજીથી ડ્રીસ્ટ્રીકટ સુરત સબ ડીસ્ટ્રીકટ શહેર સુરતના મજુરા રે.સ. નં.ર ટીપી સ્કીમ નં.૬,(મજુરા–ખટોદરા) ફા.પ્લો નં.૧૩૬ થી નોંધાયેલ જમીન જે શહેરી ટોચ મર્યાદા અને નિયંત્રણ ધારો–૧૯૭૬ ના કાયદાની કલમ–૨૧(૧) હેઠળ સુરત કલેકટરશ્રીના હુકમ નં.યુએલસી/૨૧(૧) નમુના નં.૫/રજી. નં.૨૭/૭૯ તા.૧૭–૧૨–૧૯૮૭ થી મંજુર થયેલ મજકુર યોજનામાં ફેરફાર થવાથી તા.૧૮–૯'–૧૯૯૦ ના હુકમથી રીવાઈઝડ કરેલ જે મહાનગરપાલિકાની રજાચિઠ્ઠી નં.ટીડીઓ/૧૯૩ તા.૧૦–૫–૮૮ ના રોજ પ્લાન મંજુર કરેલા તેમજ મજકુર યોજના અંગે રીવાઈઝડ પ્લાન મંજુર કરી રજાચિઠ્ઠી નં.૧૩૩૨ તા.૬–૩–૧૧ થી બાંધકામની પરવાનગી આપવામાં આવેલ. જે પૈકીના ૪૭ પ્લોટોની સુરત મહાનગરપાલિકાની આકારણી દફતરે દાખલ કબ્જેદારો અને બદલાયેલા અને નવા કબ્જેદારોના નામોની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૭–૧૧–૧૧ ની **SMC/FAP/**નં.૪૦૫/૨૦૧૧–૧૨

શ્રી સુરજરામ ભગવાનદાસ સાલવાલાની તા. ૨૩–૯–૧૧ની અરજીથી ડ્રીસ્ટ્રીકટ સુરત સબ ડીસ્ટ્રીકટ શહેર સુરતના મજુરા રે.સ. નં.ર ટીપી સ્કીમ નં.૬, (મજુરા–ખટોદરા) ફા.પ્લો નં.૧૩૬ થી નોંધાયેલ જમીન જે શહેરી ટોચ મર્યાદા અને નિયંત્રણ ધારો–૧૯૭૬ ના કાયદાની કલમ–૨૧(૧) હેઠળ સુરત કલેકટરશ્રીના હુકમ નં.યુએલસી/ ૨૧(૧) નમુના નં.૫/રજી. નં.૨૭/૭૯ તા.૧૭–૧૨–૧૯૮૭ થી મંજુર થયેલ મજકુર યોજનામાં ફેરફાર થવાથી તા.૧૮–૯'–૧૯૯૦ ના હુકમથી રીવાઈઝડ કરેલ જે મહાનગરપાલિકાની રજાચિઠ્ઠી નં.ટીડીઓ/૧૯૩ તા.૧૦–૫–૮૮ ના રોજ પ્લાન મંજુર કરેલા તેમજ મજકુર યોજના અંગે રીવાઈઝડ પ્લાન મંજુર કરી રજાચિઠ્ઠી નં.૧૩૩૨ તા.૬–૩–૧૧ થી બાંધકામની પરવાનગી આપવામાં આવેલ. જે પૈકીના ૪૭ પ્લોટોની સુરત મહાનગરપાલિકાની આકારણી દફતરે દાખલ કબ્જેદારો અને બદલાયેલા અને નવા કબ્જેદારોના નામોની માહિતી આપવા બાબતે મળેલ માહિતી ખોટી તેમજ અધુરી હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૭–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માંગેલ માહિતી બાબતે આકારણી દફતરે અને પ્લાન મંજુરી રજીસ્ટરની દફતરી વિગતો આકારણી ફેરફાર સહિત જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૪૯ તા.૨૪–૧૧–૧૧ થી** કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) તથા અરજદારને તેમણે બન્ને ખાતાના દફતરની તપાસણી કરી માહિતી મેળવવા પ્રયત્ન કરેલ કે કેમ ? તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૦૦૮ તા.૧૨–૧૨–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, રે.દિ.મુ. નં.૧૬૩/૮૪ ના સંદર્ભે ૧ થી ૪૭ સભ્યોના લીસ્ટની નકલ, અપીલ અરજીનં.૧૧૫૭/૮૭ થી તા.૧–૮–૮૭ ના રોજ કરેલ સમાધાનની નકલ, તા.૧૯–૯–૮૫ નું સવીલ જજ સુરત ના ઓર્ડરની નકલ, જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને આપવામાં આવેલી માહિતી અંગે પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૮૨૯ તા.૧૨–૧૦–૧૧ ના પત્રની નકલ તેમજ એકનોલેજમેન્ટ સ્લીપની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧૨–૧૨–૧૧ નો પૂરક પત્રસાથે અરજદારની ૧૧૫૭/૮૭ રે.દિ. મુ. નં.૧૬૩/૮૪ રજૂ કરેલ લે આઉટ પ્લાનની નકલ તથા તા.૬–૩–૯૨ ના રોજ બાંધકામની પરવાનગીના પ્લાનની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૨૩–૯–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળ માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અઠવાઝોન ખાતે કરવામાં આવેલ. જેમાં ડ્રીસ્ટ્રીકટ સુરત સબ ડીસ્ટ્રીકટ શહેર સુરતના મજુરા રે.સ. નં.ર ટીપી સ્કીમ નં.૬, (મજુરા–ખટોદરા) ફા.પ્લો નં.૧૩૬ થી નોંધાયેલ જમીન જે શહેરી ટોચ મર્યાદા અને નિયંત્રણ ધારો–૧૯૭૬ ના કાયદાની કલમ–૨૧(૧) હેઠળ સુરત કલેકટરશ્રીના હુકમ નં.યુએલસી/૨૧(૧) નમુના નં.૫/રજી. નં.૨૭/૭૯ તા.૧૭–૧૨–૧૯૮૭ થી મંજુર થયેલ મજકુર યોજનામાં ફેરફાર થવાથી તા.૧૮–૯'–૧૯૯૦ ના હુકમથી રીવાઈઝડ કરેલ જે મહાનગરપાલિકાની રજાચિઠ્ઠી નં.ટીડીઓ/૧૯૩ તા.૧૦–૫–૮૮ ના રોજ પ્લાન મંજુર કરેલા તેમજ મજકુર યોજના અંગે રીવાઈઝડ પ્લાન મંજુર કરી રજાચિઠ્ઠી નં.૧૩૩૨ તા.૬–૩–૧૧ થી બાંધકામની પરવાનગી આપવામાં આવેલ. સદરહુ યોજના મંજુર થઈ તે પહેલા આ યોજનાના લાભાર્થીઓ તથા જમીનમાં મુળ માલિકો (પાવરદાર) વચ્ચે રે.દિ.મુ. ૧૬૩ અને ૧૯૮૪ થી કોર્ટ પ્રકરણો થયેલા ત્યાર બાદ સદરહુ પ્રકરણમાં વાદી મંડળ અને

પ્રતિવાદી એવા જમીનનાં મુળ માલિકો (પાવરદાર) વચ્ચે આંક–૫૭ થી તા.૧૯–૯–૮૫ ના રોજ કોર્ટ સમાધાન થયેલ અને તે સમાધાન મુજબ જે તે (૪૭) સુડતાળીસ વાદી મંડળના સભ્યોને પ્રતિવાદી એવા જમીનના મુળ માલિકોએ (પાવરદાર) એક સૂચિત લે આઉટ પ્લાન બનાવી જે તે પ્લોટો ફાળવેલા અને વાદી મંડળના જે તે સભ્યોના નાા તથા તેઓને ફાળવેલા પ્લોટોના પ્લોટ નંબરો જાહેર કરેલા અને ત્યારથી જે તે પ્લોટ ધારકો પોતાને ફાળવેલા પ્લોટોના કબ્જેદાર બનેલા. ત્યારથી સુરત મહાનગરપાલિકાના આકારણીના દફતરે પ્લોટ ધારકોના નામ તથા પ્લોટ નંબરો દાખલ થયેલ ાછે જે આજ દિન સુધી ચાલુ રાખવામાં આવેલા છે. અને તે મુજબ મિલ્કતવેરો વસુલવામાં આવે છે. સદરહુ જમીનના જે તે મુળ માલિકો (પાવરદાર) એ સુરત મહાનગરપાલિકામાં સદરહુ યોજના અંગેના પ્લાન રજાચિઠ્ઠી ટીડીઓ/૧૯૩ તા.૧૦–૫–૧૯૮૮ ના રોજ પ્લાન મંજુર કરાવેલા. ત્યાર બાદ રીવાઈઝડ પ્લાન મંજુર કરાવી રજાચિઠ્ઠી નં.૧૩૩૨ તા.૬–૩–૧૯૯૧ થી બાંધકામ અંગેની પરવાનગી મેળવેલ છે. ઉપરોકત હકીકતો સમજતા તથા આકારણીના દફતરે હાલમાં પણ અમલમાં એવા સૂચિત લે આઉટ પ્લાન તથા સુરત મહાનગરપાલિકા તરફથી રજાચિઠ્ઠી નં.૧૩૩૨ તા.૬–૩–૧૯૯૧ થી મંજુર કરેલ રીવાઈઝડ પ્લાન (જે હાલમાં અમલમાં હોવાનું સાઉથ –વેસ્ટ અઠવાઝોનના શહેર વિકાસ વિભાગમાં રૂબરૂ તપાસ કરતા જણાવા મળેલ છે.) આ બંને લે આઉટ પ્લાનોમાં દરેક પ્લોટોના પ્લોટ નંબર જુદા જુદા હોવાનું જણાય છે યાને કે અમો માહિતી માંગનારનો આકારણીના દફતરે પ્લોટ નંબર બી–૧૫ છે. જયારે રજાચિઠ્ઠી નં.૧૩૩૨ તા.૬–૩–૧૯૯૧ થી સુરત મહાનગરપાલિકાએ મંજુર કરેલ રીવાઈઝડ પ્લાનમાં મારા પ્લોટનો પ્લોટ નંબર અન્ય હોવાનું જણાય છે. તો આ માહિતી માંગણીની અરજી સાથે અમો માહિતી માંગનારે રે.દિ.મુ. નં.૧૬૩ સને ૧૯૮૪ ના દાવા પ્રકરણમાં આંક–૫૭ થી તા.૧૯–૯–૮૫ ના રોજ જે હુકમનામુ જાહેર થયેલ છે જેની કોપી આ સાથે રજૂ કરેલ છે. તેમાં વાદી મંડળના જે (૪૭) સુડતાળીસ સભ્યને પ્લોટ ફાળવવામાં આવેલા છે. જે સુરત મહાનગરપાલિકાના આકારણીના દફતરે જે તે સમયે દાખલ થયેલા છે તે બાબતમાં લેખિતમાં નીચે મુજબની માહિતી આપશો. સદરહુ કોર્ટના હુકમનામામાં જે (૪૭) સુડતાળીસ પ્લોટો વાદી મંડળને એલોટ કરવામાં આવેલા છે તે જે તે પ્લોટના જે તે સમયે સુરત મહાનગરપાલિકાના આકારણીના દફતરે દાખલ કરવામાં આવેલ નામો તેને આપવામાં આવેલા ટેના નંબરો તથા મંજુર લે આઉટ પ્લાન (રીવાઈઝડ પ્લાન રજાચિઠ્ઠી નં.૧૩૩૨ તા.૬–૩–૧૯૯૧ ના રોજ સુરત મહાનગરપાલિકા તરફથી મંજુર કરવામાં આવેલ) પ્રમાણેના ખરેખર સાચા પ્લોટ નંબરો દરેક પ્લોટોના વિગતવાર જણાવશો તથા સદરહુ (૪૭) સુડતાળીસ સભ્યોજના પૈકી જે તે પ્લોટના જે કોઈ પણ કબ્જેદારો આજ દિન સુધી બદાલાયેલા હોય તો તે નવા કબ્જેદારોના નામોની વિગત પણ લખી જણાવશો.તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૮૨૯ તા.૧૨–૧૦–૧૧ થી નિયત સમય અવધિમાં અરજીમાં આકારણી અને વેરા વસુલાત વિભાગના ઉપલબ્ધ રેકર્ડ મુજબના માહિતીનાએ/૪ સાઈઝ પાનાની નકલ (પાના નંગ–૪૨) ના નકલ દીઠ રૂા.૦૨/– લેખે કુલ રૂા.૮૪/– (અંકોમાં કુલ ચોર્યાસી રૂપિયા પૂરા) અઠવાઝોન કચેરીના ઓફિસ સમય દરમ્યાન ભરપાઈ કર્યેથી આપ માહિતીની નકલ મેળવી શકશો તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે રસીદ નં.૪૭૩૭૭૭ તા.૧૮–૧૦–૧૧ થી રૂા.૮૪/– ભરપાઈ કરેલ અને અરજદારને રૂબરૂમાં માંગ્યા મુજબની નકલો પૂરી પાડવામાં આવેલ. તેવું પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે. જે બાબતે અરજદારે માંગેલ ૪૮ પ્લોટો પૈકી ૨૯ પ્લોટોની સાચી માહિતી આપવામાં આવેલ છે. જયારે ૧૮ પ્લોટોની તા.૨૦–૧૦–૧૧ ના રોજ માહિતી પૂરી પાડેલ પરંતુ તે અધૂરી હોવાનું જણાવી તા.૧૭–૧૧–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે અત્રેથી બંને પક્ષકારો પાસેથી આરટીઆઈ/૧૧૪૯ તા.૨૪–૧૧–૧૧ થી પૂરક વિગતો માંગવામાં આવેલ. જે અંગે અરજદારે તા.૧–૨–૧૧ થી પૂરક વિગતોમાં ૪ પ્લોટો બાબતે રે.દિ.મુ. નં.૧૬૩ અને ૧૯૮૪ ના દાવામાં આંક–૫૭ ૧૯–૯–૮૫ ના કોર્ટ હુકમનામામાં જે (૪૭) સુડતાળીસ પ્લોટ હોલ્ડરો ને પ્લોટ મળેલા છે તે પૈકી (૪૩) તેતાલીશ પ્લોટ હોલ્ડરો સી ટાઈપના ગાળા ટાઈપ આવાસ ધારકો છે અને રજાચિઠ્ઠી નં.૧૩૩૨ ના સુરત મહાનગરપાલિકાના મંજુર લે આઉટ પ્લાન પ્રમાણે સી ટાઈપના કોઈ પણ ગાળા ટાઈપ આવાસો મંજુર કરવામાં આવેલ નથી. જેથી સાબીત થાય છે કે આ (૪૩) તેતાલીસ પ્લોટ હોલ્ડરોના રજાચિઠ્ઠી નં.૧૩૩૨ ના મંજુર લે આઉટ પ્લાન પ્રમાણેના પ્લોટ નંબરો અલગ છે . આ ઉપરાંત સદરહુ હુકમનામામાં બાકી રહેલા અન્ય ચાર પ્લોટ હોલ્ડરોની વિગતની ચકાસણી કરતાં તે નીચે મુજબ હોવાનું જણાય છે. કવિતાબેન કનૈયલાલા શેત્રજીવાલાના ટ્રાન્સફરી મનહરલાલ ભગવાનદાસ પ્લોટ નં.બી/૪૦ જેનો એસ.એમ.સી.ના દફતરે ટેના નં.૧૩સી–૧૭–૬૪૧૧–૦–૦૦૧ રજાચિઠ્ઠી નં.૧૩૩૨ ના લે આઉટ પ્લાન પ્રમાણે પ્લોટ નં.એ/૩૪ છે. (૩૬) ચંદુલાલ ડાહયાભાઈ જરીવાલાના ટ્રાન્સફરી મહેશકુમાર સુરજરામ પ્લોટ નં.બી/૧૬ જેનો એસ.એમ.સી. ના દફતરે ટેના નં.૧૩સી–૧૭–૬૧૯૧–૦–૦૦૧ રજાચિઠ્ઠી નં.૧૩૩૨ ના લે આઉટ પ્લાન પ્રમાણે પ્લોટ નં.એ/૧૨ છે. (૩૭) સુરજરામ ભગવાનદાસ બી/૧૫ (પ્લોટ નં.) જેનો એસ.એમ.સી. ના દફતરે ટેના નં.૧૩સી–૧૭–૬૧૮૧–૦–૦૦૧ રજાચિઠ્ઠી નં.૧૩૩૨ ના લે આઉટ પ્લાન પ્રમાણે પ્લોટ નં.એ/૧૧ છે. (૪૨) ભગવાનદાસ લલ્લુભાઈ ના ટ્રાન્સફરી પ્રવિણચંદ્ર ભગવાનદાસ પ્લોટ નં.બી/૩૯ જેના હાલના કબ્જેદાર પ્રવિણ હીરાલાલ રાણા જેનો એસ.એમ.સી. ના દફતરે ટેના નં.૧ ૩સી–૧૭–૬૪૦૧–૦–૦૦૧ રજાચિઠ્ઠી નં. ૧૩૩૨ ના લે આઉટ પ્લાન પ્રમાણે પ્લોટ નં.એ/૩૩ છે. ચાર પ્લોટ હોલ્ડરના કોર્ટ હુકમ પ્રમાણેના સુચિત લે આઉટ પ્લાન પ્રમાણેના બી ટાઈપના જે ગાળા ટાઈપ પ્લોટ નંબરો દર્શાવેલ છે તે પ્લોટ નંબરો રજાચિઠ્ઠી નંબર ૧૩૩૨ ના મંજુર લે આઉટ પ્લાનમાં બી ટાઈપના ગાળા ટાઈપ આવાસોમાં રાખવામાં આવેલા નથી. તેવી પૂરક વિગતોમાં રજૂઆત કરેલ છે. આમ અરજદારે મુળ અરજીમાં ૮ પ્લોટ બાબતે અધૂરી માહિતીની રજૂઆત કરેલ છે જયારે પૂરક વિગતોમાં અધૂરી વિગત બાબતે અગાઉના પ્લોટ નંબરો સામે લે આઉટ પ્લાનના પ્લોટ નંબરો હોવા અંગે ૪ પ્લોટોની જ રજૂઆત કરેલ છે. જે બાબતે અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૯૩ તા.૨૦–૧૨–૧૧ થી તા.૨૮–૧૨–૧૧ ના રોજ બપોરે ૪.૦૦ કલાકે સુનાવણી મુકરર કરવામાં આવેલ. જેમાં સુમપા અઠવાઝોન તરફથી પર્સોનલ ઓફિસર અને ઈ.ચા. આકારણી અધિકારી ( અઠવાઝોન) હાજર રહી આકારણી દફતરે પ્લોટ નંબરો મેચ થઈ

શકે તેમ નથી. તેમને આંતરિક વધારો ઘટાડો કરેલ હોય તો તેનો ખ્યાલ હોય નહીં. તેવું જણાવેલ. જયારે અરજદાર શ્રી સુરજરામ ભગવાનદાસ સાલવાલા તથા તેમના પ્રતિનિધિએ હાજર રહીને કલેકટર કચેરીને ફરીયાદ આપેલ છે કલેકટર ઓફિસ તરફથી મંજુર પ્લાન સરખાવતા બી/૧૫ પ્લોટ નથી કોર્ટ હુકમનામુ અન્વયે આ અપીલ રજૂ કરેલ છે. તથા કોર્ટ હુકમનામા એક ભાગ એવું સૂચિત લે આઉટ પ્લાન રજૂ કરેલ છે. જે ૧૯–૯–૮૫ ના રોજ કોર્ટ તરફ જે હુકમનામુ જાહેર કરવામાં આવેલ છે. તે સુચિત પ્લાન છે. કોર્ટ હુકમનામામાં જણાવેલ પ્રમાણે જે તે વાદી મંડળના ૪૭ સભ્યોને અલગ અલગ કબ્જા રસીદોથી પ્રતિવાદી જે જમીનના મુળ માલિકો તરફથી લખી આપવામાં આવેલ છે. જેને આધાર રાખી એસએમસી તરફથી જે તે સમયે જે તે દાવામાં સામેલ પ્લોટ હોલ્ડરોના પ્લોટ નંબર અને નામ આકારણી રેકર્ડ ઉપર દાખલ કરવામાં આવેલ છે. ત્યાર બાદ એસએમસી તરફથી રજાચિઠ્ઠીમાં ટીડીઓ૧૯૩ તા.૧૦–૫–૮૮ ના રોજ પ્લાન મંજુર કરવામાં આવેલ છે. ત્યાર બાદ તે અંગેના રીવાઈઝડ પ્લાન રજાચિઠ્ઠી નં.૧૩૩૨ તા.૬–૩–૯૧ થી બાંધકામની પરવાનગી આપવામાં આવેલ છે. ત્યાર બાદ પ્લાન રજૂ કરવામાં આવેલ હોય તેવું ધ્યાનમાં નથી. આમાં રજાચિઠ્ઠી નં.૧૩૩૨ ત.૬–૩–૯૧ થી જે પ્લાન મંજુર કરવામાં આવેલ છે તથા રે.દિ.મુ. ૧૬૩/૧૯૮૪ ના દાવામાં ૮/૫૭ થી તા.૧૯–૫–૮૫ ના રોજ કોર્ટ સમાધાન થયેલ છે અને અંગે કોર્ટ હુકમ થયેલ છે. અમારી અપીલમાં તા.૧૭–૧૧–૧૧,૧૨–૧૨–૧૧ ના રોજ કરેલ લેખિત રજૂઆત ધ્યાને લઈ આગળની કાર્યવાહી કરવી. અરજદારે સુનાવણીમાં થયેલ સમાધાન મુજબ જે તે સમયે એસએમસી તરફથી દાવાના સામેલ પ્લોટ હોલ્ડરોના પ્લોટ નંબર અને નામ આકારણી રેકર્ડ ઉપર દાખલ કરવામાં આવેલ છે તેમજ આકારણી વિભાગ તરફથી તેમને બરાબર માહિતી આપેલ છે. તેવું જણાવેલ છે. આમ અરજદારે અપીલ અરજીમાં પણ અરજદારે તા.૨૦–૧૦–૧૧ ની આપેલ માહિતી અધૂરી આપ્યાની રજૂઆત કરેલ. પરંતુ સુનાવણી સમયે આકારણી તરફથી બરાબર માહિતી આપેલ હોવાનું જણાવેલ છે. આકારણી વિભાગ તરફથી માહિતી બાબતે કોઈ તકરાર નથી. અરજદારની મુળ અરજીમાં બી/૧૫ આકારણી દફતરે છે જયારે રીવાઈઝડ પ્લાનમાં તેનો અન્ય નંબર હોવાનું તેમજ અપીલની પૂરક વિગતોમાં અરજદારે બી/૧૫–૧૬ ને બી/૩૯–૪૦ આકારણી દફતરે અને લે આઉટ પ્લાન પ્રમાણે મેચ કરવા અંગેની તકરારી રજૂઆત કરેલ છે. જે ફરીયાદ નિવારણને લગતી હોય તે અંગે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવાની રહે. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરક તબકકે પ્લાન મંજુરી રજીસ્ટર બાબતની કોઈ વિગતો અપીલમાં મળેલ નથી. અત્રે એ પણ સૂચક છે કે અરજદારે સ્વયં પહેલા અદાલતી હુકમ મુજબ પ્લોટ ફાળવવાની અને તેને આકારણી દફતરે દાખલ થયેલ હોવાની કબૂલાત કરેલ છે જેને દફતરી સમર્થન પણ છે. અરજદારના જ દાવાનુસાર ને પછી રીવાઈઝ પ્લાન મુકાયા છે જે પ્લોટ હોલ્ડર કે તેમના અધિકૃત વ્યકિત ધ્વારા જ મુકાયા હોવાનું અનુમાનિત છે. છતાં તેવી બાબતોની મેળવણીનો અરજદારનો આગ્રહ તેમની રજૂ થયેલ હકીકત સાથે સુસંગત જણાતો નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૩–૯–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો દિન–૭ માં કચેરી કામકાજ સમય દરમ્યાન આગોતરો સમય મેળવી આકારણી દફતરેથી મેળવેલ માહિતીને ઝોન કચેરી ખાતેના મંજુર પ્લાનના દફતર સાથે તપાસણી મેળવી સ્વયં ચકાસણી કરવા સ્વતંત્ર છે. અરજદારની તેવી માંગણી થયે લાગુ કિસ્સામાં કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ નિયત ફી ભરપાઈ કરાવી હુકમની અમલવારી કરવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)ને જણાવવામાં આવે છે. અરજદારની લે આઉટ પ્લાનના નંબરો તેમજ રીવાઈઝડ પ્લાનના નંબરો સાથે આકારણી દફતર મેચ કરી આપવાની રજૂઆત તકરાર નિવારણને લગતી હોય તે અંગે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨–૧૧

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી સુરજરામ ભગવાનદાસ સાલવાલા